| Work visa scams | વર્ક વિઝા કૌભાંડો |
|---|---|
| **Work visa scams. Don't pay the price** | **વર્ક વિઝા કૌભાંડો. કિંમત ચૂકવશો નહીં** |
| A scam is an attempt to intentionally mislead people to steal money, property, or personal information, or to dishonestly obtain something else of value. | એક કૌભાંડ એટલે ઇરાદાપૂર્વક લોકોને ગેરમાર્ગે દોરીને તેમના પૈસા, મિલકત, અથવા અંગત માહિતી ચોરવા માટેનો પ્રયાસ અથવા મૂલ્યની બદલે બેઈમાનીથી કંઈક બીજું પ્રાપ્ત કરવું. |
| We are aware that criminals around the world and in Australia use scams with false promises of work and permanent residence in Australia as a way to exploit or steal money from people. | આપણે જાણીએ છીએ કે વિશ્વભરમાં અને ઑસ્ટ્રેલિયામાં ગુનેગારો લોકો પાસેથી પૈસા પડાવવા કે શોષણના એક માર્ગ તરીકે કામના અને ઑસ્ટ્રેલિયામાં કાયમી નિવાસના ખોટાં વાયદાઓ સાથે કૌભાંડો આચરે છે. |
| We are committed to educating people about the correct processes for applying to live and work in Australia and to assist them to protect themselves from migration fraud and scams. It is important that you understand your rights and your employer's obligations to ensure you are protecting yourself. | અમે લોકોને ઑસ્ટ્રેલિયામાં રહેવા અને કામ કરવા માટે અરજી કરવા માટેની સાચી પ્રક્રિયાઓ વિશે શિક્ષિત કરવા અને તેમને માઇગ્રેશન છેતરપિંડી અને કૌભાંડોથી પોતાની જાતને બચાવવા માટે મદદ કરવા વચનબદ્ધ છીએ. તમે તમારી જાતની રક્ષા કરી રહ્યાં છો તેની ખાતરી કરવા માટે એ જરૂરી છે કે તમે તમારા અધિકારો અને તમારા રોજગારદાતાની જવાબદારીઓને સમજો. |
| Most people follow the appropriate and lawful process in meeting visa and sponsorship requirements, a minority do not. We undertake a range of measures to identify those who are engaging in fraudulent activities and have penalties in place to deal with visa holders and sponsors who are found to be doing the wrong thing | મોટાં ભાગના લોકો વિઝા અને પ્રાયોજક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઉચિત અને કાયદેસરની પ્રક્રિયાને અનુસરતાં હોય છે, અમુક લોકો આમ નથી કરતા. અમે છેતરપિંડીયુક્ત પ્રવૃત્તિઓમાં સામેલ લોકોની ઓળખ માટે શ્રેણીબદ્ધ પગલાં ભરીએ છીએ અને ખોટી બાબતો કરતાં જણાય તેવા વિઝાધારકો અને પ્રાયોજકોને દંડિત કરવાની પણ વ્યવસ્થા છે. |
| **<u>What are we doing to stop these scams?</u>** | **<u>આ કૌભાંડોને રોકવા માટે અમે શું કરીએ છીએ?</u>** |
| We take scams very seriously and have a number of strategies in place to prevent people from becoming victims of scams but also to take action against those engaging in fraudulent behaviour. | અમે કૌભાંડોને ખૂબ જ ગંભીરતાપૂર્વક લઈએ છીએ અને લોકોને કૌભાંડોના શિકાર બનતા અટકાવવા માટે સંખ્યાબંધ વ્યૂહરચનાઓ ધરાવીએ છીએ છે અને જે લોકો છેતરપિંડીયુક્ત વર્તણૂકમાં સામેલ છે તેમની સામે પગલાં પણ લઈએ છીએ. |
| • We educate people about <u>current scams</u> and the <u>warning signs</u> to look out for. | • અમે લોકોને <u>હાલના કૌભાંડો વિશે</u> અને <u>ચેતવણીના સંકેતો</u> જોતાં રહેવા વિશે શિક્ષિત કરીએ છીએ. |
| • We run monitoring and educational campaigns in addition to standard sponsor audits to ensure that sponsors and visa holders are meeting their visa conditions and sponsorship obligations in accordance with migration laws. | • પ્રાયોજકો અને વિઝાધારકો તેમની વિઝા શરતો અને સ્પોન્સરશીપ જવાબદારીઓ માઇગ્રેશન કાયદાઓ અનુસાર મેળવી રહ્યાં છે તેની ખાતરી કરવા માટે અમે ધોરણસરના પ્રાયોજક અન્વેષણો ઉપરાંત સંચાલન અને શૈક્ષણિક ઝુંબેશો ચલાવીએ છીએ. |
| • We take action when visa holders and/or sponsors are found to be doing the wrong | • જ્યારે કોઇ વિઝાધારકો અને/અથવા પ્રાયોજકો ખોટું કરતા જણાય છે |

| | |
|---|---|
| thing, this may include visa cancellation, administrative sanctions such as cancellation of sponsorships, issuing financial penalties, or taking court action. In 2013-14, we monitored 2,294 sponsors, resulting in 365 sanctions and 28 financial penalties. We cancelled 10,454 subclass 457 visas where visa holders were found to be in breach of their visa conditions. | ત્યારે અમે પગલાં લઈએ છીએ, જેમાં વિઝા રદ થવા, વહીવટી પ્રતિબંધો જેમ કે સ્પોન્સરશીપનું રદ્દીકરણ, નાણાકીય દંડ જારી કરવો અથવા અદાલતી પગલા લેવાનો સમાવેશ થઈ શકે છે. 2013-14માં, અમે 2,294 પ્રાયોજકોની દેખરેખ કરી હતી, જેનાં પરિણામસ્વરૂપ 365 પ્રતિબંધો અને 28 નાણાકીય દંડ થયા હતાં. અને 10,454 પેટા વર્ગ 457 વિઝાઓ રદ કર્યાં હતા જેમાં વિઝાધારકો તેમની વિઝાની શરતોનો ભંગ કરતા જણાયા હતા. |
| • We share information and work cooperatively with the Fair Work Ombudsman to monitor sponsors against their obligations. We also share information with other government agencies such as the Australian Competition and Consumer Commission (ACCC) to ensure that employment scams or exploitation are dealt with in a comprehensive manner. | • અમે પ્રાયોજકોની તેમની જવાબદારીઓ સામે દેખરેખ રાખવા માટે ન્યાયપૂર્ણ કાર્ય લોકપાલ સાથે માહિતીની વહેંચણી કરીએ છે અને સહકારપૂર્ણ રીતે કાર્ય કરીએ છીએ. રોજગાર કૌભાંડો અથવા શોષણની સાથે વ્યાપક રીતે વ્યવહાર કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે અમે અન્ય સરકારી એજન્સીઓ જેમ કે ઑસ્ટ્રેલિયન કમ્પીટિશન એન્ડ કંઝ્યુમર કમિશન(ACCC) ની સાથે પણ માહિતીની વહેંચણી કરીએ છીએ |
| **What can you do to avoid being the victim of a work visa scam?** | **વર્ક વિઝા કૌભાંડના શિકાર બનવાનું ટાળી શકાય તે માટે તમે શું કરી શકો છો?** |
| There are a number of things you can do to ensure you remain vigilant and do not become the victim of a work visa scam. | એવી કેટલીય બાબતો છે જેને તમે એ ખાતરી કરવા માટે કરી શકો છો કે જેથી તમે સતર્ક રહો અને વર્ક વિઝા કૌભાંડના શિકાર ન બની જાવ. |
| • Ensure you are aware of the visa application charges and processes that apply to your situation. | • એ સુનિશ્ચિત કરો કે તમારી પરિસ્થિતિને લાગુ પડતા વિઝા અરજી ખર્ચ અને પ્રક્રિયાઓથી તમે સભાન હોવ. |
| • Make sure you are aware of your work rights and your sponsor's obligations. | • એ સુનિશ્ચિત કરો કે તમે તમારા કાર્ય અધિકારો અને તમારા પ્રાયોજકની જવાબદારીઓની સભાનતા હોય. |
| • Be cautious of any job offer requiring an upfront payment or paying back some of your salary. | • એવી કોઇપણ જોબ ઑફરથી સાવધ રહો જ્યાં પહેલાંથી ચૂકવણી કરવાની જરૂર પડે અથવા તમારા વેતનનો કેટલોક ભાગ પરત ચૂકવવાનો થતો હોય. |
| • Familiarise yourself with current scam warnings and be alert to the warning signs of scams. | • તમારી જાતને હાલની કૌભાંડ ચેતવણીઓથી પરિચિત બનાવો અને કૌભાંડોના ચેતવણી સંકેતોથી સાવધાન રહો. |
| • If you use a Migration Agent, ensure you are using a Registered Migration agent. Always check with Office of the Migration Agents Registration Authority to see if an Agent is registered. | • જો તમે માઇગ્રેશન એજન્ટનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો, સુનિશ્ચિત કરો કે તમે નોંધણીકૃત માઇગ્રેશન એજન્ટનો ઉપયોગ કરી રહ્યાં છો. એજન્ટ નોંધણીકૃત છે કે નહીં તે જોવા માટે હમેંશા ઑફિસ ઑફ ધી માઇગ્રેશન રજીસ્ટ્રેશન ઑથોરિટી સાથે તપાસ કરી જુઓ. |
| **Scenario 1 – Beware of visa scams** | **દૃશ્ય 1 – વિઝા કૌભાંડોથી સાવધ રહો** |
| Chang is a qualified chef. He wanted to find employment in Australia in his field. Chang thought he and his family might like living and working in Australia and they could consider applying for permanent residence. | ચાંગ એક લાયક શેફ છે. તે ઑસ્ટ્રેલિયામાં તેના ક્ષેત્રમાં રોજગાર શોધવા માંગે છે ચાંગ વિચારે છે કે તેને અને તેના પરિવારને ઑસ્ટ્રેલિયામાં રહેવું અને કામ કરવું ગમી શકે છે અને તેઓ કાયમી |

| | |
|---|---|
| | નિવાસ માટે અરજી કરવાનું વિચારી શકે છે. |
| A friend told Chang that he knew of someone who helped to find people jobs in Australia and could organise sponsorship under the subclass 457 visa programme. Chang's friend provided him with an email address to find out more. | એક મિત્રએ ચાંગને જણાવ્યું કે તે કોઇ એક એવી વ્યક્તિને ઓળખે છે જેણે ઑસ્ટ્રેલિયામાં લોકોને જોબ્સ શોધવામાં મદદ કરી છે અને પેટાવર્ગ 457 વિઝા કાર્યક્રમ હેઠળ સ્પોન્સરશીપ આયોજીત કરી શકે છે. ચાંગના મિત્રએ તેને વધુ જાણકારી મેળવવા માટે એક ઈમેઇલ સરનામું પુરું પાડ્યું. |
| Chang emailed the contact his friend had given him and received an immediate response from a person called Jo. Jo said that he could find a job for Chang as a chef with a good restaurant in Sydney and asked Chang to meet him at a local café to discuss the process further. | ચાંગ તેના મિત્રે આપેલ સંપર્ક પર એક ઈમેઇલ કરે છે અને જો નામના વ્યક્તિ તરફથી તે એક તાત્કાલિક પ્રતિભાવ પ્રાપ્ત કરે છે. જો જણાવે છે કે તે ચાંગ માટે સિડનીની એક સારી રેસ્ટોરાંમાં શેફ તરીકેની નોકરી શોધી આપી શકે છે અને ચાંગને એક સ્થાનિક કેફેમાં આગળની પ્રક્રિયાની ચર્ચા માટે તેને મળવા જણાવે છે. |
| Chang met Jo at a local restaurant and Jo explained to him that in order to secure a job and visa sponsorship for Chang he would need to pay $5000 now and then $5000 once the job was secured. Chang thought this was a lot of money and asked if he could speak with the restaurant in Sydney first. Jo said that he would ask the restaurant manager to email Chang with more details. | ચાંગ એક સ્થાનિક રેસ્ટોરાંમાં જોને મળે છે અને જો તેને સમજાવે છે કે ચાંગ માટે એક સુરક્ષિત જોબ અને વિઝા સ્પોન્સરશીપ માટે તેણે $ 5000 હમણાં જ ચુકવવા પડશે અને એકવાર જોબ સુરક્ષિત થઈ જાય ત્યાર પછી બીજાં $ 5000 આપવાના થશે. ચાંગ વિચારે છે કે આ તો ઘણાં બધા પૈસા છે અને પૂછે કે શું તે પહેલાં સિડનીમાં રેસ્ટોરાં સાથે વાત કરી શકે છે. જો તેને જણાવે છે કે તે રેસ્ટોરાં મેનેજરને વધુ વિગત સાથે ચાંગને એક ઈમેઇલ કરવા જણાવશે. |
| Chang received an email from Sam at Roasted Roo Bar and Bistro in Sydney. Sam said that they would like to offer him a chef position and emailed him a copy of an employment contract. Chang looked at Roasted Roo Bar and Bistro on the internet and thought it looked like a great place to work. | ચાંગ સિડનીમાં રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રો ખાતેથી સેમ પાસેથી એક ઈમેઇલ પ્રાપ્ત કરે છે. સેમ જણાવે છે કે તેઓ તેને શેફના પદનો પ્રસ્તાવ કરે છે અને તેને રોજગાર કરારની નકલ ઈમેઇલ કરે છે. ચાંગ ઇંટરનેટ પર રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રો પર નજર નાંખે છે અને તે કામ કરવા માટેની એક સરસ જગ્યા જેવી દેખાતી હોવાનું વિચારે છે. |
| Chang organised another meeting with Jo. They met at the same restaurant and Chang gave Jo $5000 to secure the job with Roasted Roo Bar and Bistro. | ચાંગ જોની સાથે વધુ એક બેઠક યોજે છે. તેઓ એ જ રેસ્ટોરાંમાં મળે છે અને ચાંગ રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રો સાથે જોબ સુરક્ષિત કરી આપવા માટે જોને $5000 આપે છે. |
| Later that day Chang received an email from Sam at Roasted Roo Bar and Bistro in Sydney with a formal job offer. The email also asked Chang to provide another $5000 to Jo, so that all the paperwork could be lodged with the Department of Immigration and Border Protection. Chang made this payment to Jo. | ચાંગ એ દિવસે પછી સેમ પાસેથી સિડનીમાં રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રો ખાતે જોબ માટેનો એક ઔપચારિક પ્રસ્તાવ આપતો ઈમેઇલ પ્રાપ્ત કરે છે. આ ઈમેઇલમાં પણ ચાંગને અન્ય $5000 જોને પૂરાં પાડવા માટે જણાવવામાં આવે છે, જેથી ઈમીગ્રેશન અને બૉર્ડર પ્રોટેક્શન વિભાગ સાથે બધું જ દસ્તાવેજી કાર્ય કરી શકાય. ચાંગ જોને આ ચુકવણી કરી આપે છે. |
| Chang did not hear anything for a couple of weeks and sent many emails to Jo, but did not receive any response. Chang sent emails to Sam at Roasted Roo Bar and Bistro and did not receive any response. Chang contacted the Department of Immigration and Border | ચાંગને બે અઠવાડિયાઓ સુધી કંઈ જ સમાચાર સાંભળવા મળતાં નથી અને તે જોને ઘણાં ઈમેઇલ મોકલે છે, પરંતુ કોઇ જ પ્રતિભાવ પ્રાપ્ત કરતો નથી, ચાંગ રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રો ખાતે સેમને ઈમેઇલ મોકલે છે અને ત્યાંથી પણ કોઇ પ્રતિભાવ પ્રાપ્ત થતાં નથી. |

| | |
|---|---|
| Protection and was advised that no application had been lodged with the department. Chang became very worried and called Roasted Roo Bar and Bistro in Sydney to speak with Sam. Roasted Roo Bar and Bistro's manager said no-one called Sam worked there and they did not need any chefs. Chang explained that he had been in email contact with Sam and gave them Sam's email address. Roasted Roo Bar and Bistro's manager said the email address for Sam was not linked to their restaurant and that they had never heard of him. | ચાંગ ઈમીગ્રેશન અને બૉર્ડર પ્રોટેક્શન વિભાગનો સંપર્ક કરે છે અને ત્યાંથી તેને જાણવા મળે છે કે વિભાગને આવી કોઈ અરજી કરવામાં આવી નથી. ચાંગ ખૂબ ચિતાંતુર બની જાય છે અને સેમની સાથે વાત કરવા માટે સિડનીમાં રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રોને કૉલ કરે છે. રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રોના મેનેજર જણાવે છે કે સેમ નામનો કોઇ વ્યક્તિ તેમને ત્યાં કામ કરતો નથી અને તેમને કોઈ શેફની જરૂરિયાત નથી. ચાંગ સમજાવે છે કે તે સેમની સાથે ઈમેઇલ દ્વારા સંપર્કમાં હતો અને તેઓને સેમનું ઈમેઇલ સરનામું આપે છે. રોસ્ટેડ રૂ બાર અને બિસ્ત્રોના મેનેજર જણાવે છે કે સેમ માટેનું ઈમેઇલ સરનામું તેમની રેસ્ટોરાં સાથે લિંક્ડ નથી અને એ કે તેઓએ ક્યારેય તેનાં વિશે સાંભળ્યું નથી. |
| Chang was really upset as he realised he had been the victim of a scam and had lost a lot of his hard-earned savings. | ચાંગ ખરેખર વ્યાકુળ બની જાય છે જ્યારે તેને ખબર પડે છે કે તે કૌભાંડનો શિકાર બની ચુક્યો છે અને તેની ખરી મહેનતની ઘણી મોટી બચત ગુમાવી ચૂક્યો છે. |
| **<u>Scenario 2 – Are you working in your nominated position?</u>** | **<u>દૃશ્ય 2 – શું તમે તમારા નામાંકિત પદ પર કામ કરી રહ્યાં છો?</u>** |
| Vikram has spent the last four years in Australia studying. While Vikram was studying he was working 40 hours a fortnight at a local restaurant as a waiter. As he has almost finished his course, Vikram was becoming nervous about his future in Australia; he wanted to stay but did not know if he was eligible for any other visas. | વિક્રમે છેલ્લાં ચાર વર્ષ ઑસ્ટ્રેલિયામાં ભણવામાં વિતાવ્યાં છે. વિક્રમ જ્યારે ભણતો હતો ત્યારે તે પખવાડિયામાં 40 કલાક એક સ્થાનિક રેસ્ટોરાંમાં વેઇટર તરીકે કામ કરતો હતો. જેવો તેણે પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો, વિક્રમ ઑસ્ટ્રેલિયામાં તેના ભવિષ્યને લઈને ચિંતિત બન્યો હતો. તે રોકાવા માંગતો હતો પરંતુ શું તે અન્ય વિઝા માટે લાયક હતો તે જાણતો નહોતો. |
| Vikram's boss at the restaurant offered to sponsor him as a restaurant manager. Vikram had never worked as a restaurant manager and his only work experience was in waiting tables. When Vikram expressed these concerns to his boss, his boss told him that he would not expect Vikram to work as the manager, but they could just tell the Department of Immigration and Border Protection that this was the role he had already been filling at the restaurant and that he would continue in that role. Vikram's boss said he would organise all the paperwork. | રેસ્ટોરાં ખાતેના વિક્રમના માલિકે તેને રેસ્ટોરાં મેનેજર તરીકે પ્રાયોજિત કરવાનો પ્રસ્તાવ રાખ્યો. વિક્રમે ક્યારેય રેસ્ટોરાં મેનેજર તરીકે કામ કર્યું નહોતું અને તેનો એકમાત્ર અનુભવ ટેબલ પર વેઇટિંગ કરવાનો હતો. જ્યારે વિક્રમે તેનાં બૉસને આ ચિંતા વ્યક્ત કરી ત્યારે તેના બૉસે તેને કહ્યું કે તે વિક્રમને તે મેનેજર તરીકે કામ કરશે તેવી અપેક્ષા રાખતાં નથી, પરંતુ તેઓ ઈમીગ્રેશન અને બૉર્ડર પ્રૉટેક્શન વિભાગને એવું જણાવી શકે છે કે આ એક જ ભૂમિકા છે જે તેમણે રેસ્ટોરાં ખાતે ભરવાની હતી અને તે આ ભૂમિકાને ચાલુ રાખી શકે છે. વિક્રમના બૉસ તેને જણાવે છે કે તેઓ બધા જ દસ્તાવેજી કામનું આયોજન કરી દેશે. |
| Vikram's boss said that as he was helping him out with his visa to stay in Australia, he wanted Vikram to pay $30,000. This was a lot of money but as Vikram wanted to remain in Australia he agreed to this proposal. | વિક્રમના બૉસ જણાવે છે કે તેઓ તેને ઑસ્ટ્રેલિયામાં રહેવાના વિઝા સાથે મદદ કરશે, તેઓ વિક્રમ $30,000 ચૂકવે તેમ ઇચ્છતા હતા. આ ઘણાં બધા પૈસા હતાં પરંતુ કેમકે વિક્રમ ઑસ્ટ્રેલિયામાં રહેવા માંગતો હોવાથી તે આ દરખાસ્ત માટે તૈયાર થઈ જાય છે. |

| | |
|---|---|
| Vikram had to pay $10,000 to his boss before he submitted the visa application and $20,000 once the visa had been approved. | વિક્રમ વિઝા અરજી રજૂ કરે તે પહેલાં તેણે તેનાં બૉસને $10,000 ચુકવવાના હતાં અને બીજાં $20,000 જેવો તેનો વિઝા મંજૂર થઈ જાય ત્યારે ચુકવવાના હતાં. |
| Vikram had a very nervous wait while his visa was processed as he knew he wasn't being honest with the department. He was very relieved when he received notification of his visa approval and was looking forward to his life in Australia. Even though $30,000 was a lot of money, he was happy to be remaining in Australia. | જ્યારે તેના વિઝાની પ્રક્રિયા થઈ રહી હતી ત્યારે વિક્રમ ખૂબ જ નર્વસ હતો કેમ કે તે જાણતો હતો કે તે વિભાગની સાથે ઈમાનદારીપૂર્વક વર્ત્યો નહોતો. જ્યારે તેણે તેના વિઝાની મંજૂરીની સૂચના મળી ત્યારે તેણે ખૂબ જ રાહત અનુભવી અને તેને ઑસ્ટ્રેલિયામાં તેનાં જીવન માટે આશા બંધાઈ. જો કે $30,000 ખૂબ વધારે પૈસા હતાં તેમ છતાં, તે ઑસ્ટ્રેલિયામાં રહેવાથી ખુશ હતો. |
| Vikram continued to wait tables and perform other duties in the restaurant. Several months after his visa was approved, monitoring officers from the Department of Immigration and Border Protection visited the business to see if the sponsor and visa holders were complying with their obligations. Vikram was asked about his role in the business. He was asked questions about his experience and the duties he performed on a daily basis. Vikram was nervous and concerned because he was struggling to answer their questions and knew he was being untruthful. | વિક્રમ ટેબલ પર વેઇટિંગ કરવાનું અને રેટોરાંમાં અન્ય ફરજો પણ નિભાવવાનું ચાલુ રાખ્યું. તેનાં વિઝાની મંજૂરીના કેટલાંક મહિનાઓ પછી, ઈમીગ્રેશન અને બૉર્ડર પ્રૉટેક્શન વિભાગના દેખરેખ રાખનાર અધિકારી એ જોવા માટે કે પ્રાયોજક અને વિઝાધારક તેમની જવાબદારીઓનું અનુપાલન કરી રહ્યાં છે કે નહીં તે જોવા માટે કારોબારની મુલાકાત લે છે. વિક્રમને કારોબારમાં તેની ભૂમિકા વિશે પૂછવામાં આવે છે. તેને તેનાં અનુભવ વિશે અને રોજિંદા ધોરણે તે જે ફરજો બજાવતો હતો તેના વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. વિક્રમ નર્વસ હતો અને ચિંતામગ્ન હતો કારણ કે તે તેમનાં પ્રશ્નોના જવાબો શોધવા મથી રહ્યો હતો અને જાણતો હતો કે તે ખોટું બોલી રહ્યો હતો. |
| Following the monitoring audit it was determined that Vikram was not working as the restaurant manager but rather as a waiter. As Vikram was not working in his nominated position, he breached his visa conditions and his visa was cancelled. The sponsor was also penalised for employing Vikram in an incorrect position. The sponsor was barred from sponsoring skilled workers for the next five years and received a substantial fine. | દેખરેખના અન્વેષણ પછી એ નક્કી કરવામાં આવ્યું કે વિક્રમ રેસ્ટોરાં મેનેજર તરીકે નહીં પરંતુ વેઇટર તરીકે કામ કરી રહ્યો છે. કેમ કે વિક્રમ તેની નામાંકિત સ્થિતિ પર કાર્ય નહોતો કરી રહ્યો, તેણે વિઝાની શરતોનો ભંગ કર્યો હતો અને તેનો વિઝા રદ કરવામાં આવ્યો. વિક્રમને ખોટાં પદ પર રોજગાર આપવા બદલ પ્રાયોજકને પણ દંડ કરવામાં આવ્યો. પ્રાયોજકને આગામી પાંચ વર્ષો માટે કુશળ કામદારોને પ્રાયોજિત કરવામાંથી મનાઈ ફરમાવાઈ અને નોંધપાત્ર દંડ કરવામાં આવ્યો. |
| Vikram was disappointed. Not only would he have to leave Australia, he had lost $30,000 by engaging in fraudulent conduct. He was also informed by the department that as his visa had been cancelled he was unlikely to be successful in obtaining a new visa for at least three years. | વિક્રમ નિરાશ થઈ ગયો. તેણે માત્ર ઑસ્ટ્રેલિયા જ છોડવાનું નહોતું, પરંતુ છેતરપિંડીપૂર્વકના વર્તનથી તેણે $30,000 પણ ગુમાવ્યાં હતાં. વિભાગ દ્વારા તેને એમ પણ જણાવી દેવામાં આવ્યું કે તેનો વિઝા રદ કરી દેવાયો હોવાથી તે ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી નવો વિઝા મેળવવામાં સફળ નહીં થઈ શકે. |
| **<u>Scenario 3 – Know you sponsor's obligations</u>** | **<u>દૃશ્ય 3 – તમારા પ્રાયોજકની જવાબદારીઓને જાણો</u>** |
| Sasha had been working as an electrician and had been sponsored by Down Thunder Electrical Pty Ltd. When she agreed to work | સાશા એક ઇલેક્ટ્રિશિયન તરીકે કામ કરી રહી હતી અને તેણેને ડાઉન થંડર ઈલેક્ટ્રિકલ પ્રા. લિ. દ્વારા પ્રાયોજિત કરવામાં આવી હતી. |

| | |
|---|---|
| for Down Thunder Electrical Pty Ltd she was promised that after two years they would sponsor her for permanent residence. She was to work 38 hours and be paid $1037 a week. She was enjoying her time working and living in Australia. | જ્યારે તેણી ડાઉન થંડર ઈલેક્ટ્રિકલ પ્રા. લિ. માટે કામ કરવા સંમત થઈ હતી ત્યારે તેણીને એવું વચન આપવામાં આવ્યું હતું કે બે વર્ષ પછી તેણીને કાયમી નિવાસી તરીકે પ્રાયોજિત કરવામાં આવશે. તેણીને અઠવાડિયામાં 38 કલાક કરવું પડતું હતું અને $1037 ચુકવવામાં આવતાં હતાં. તેણી ઑસ્ટ્રેલિયામાં પોતાના કાર્ય કરવાથી અને રહેવાથી ખુશ હતી. |
| After three months of working she was approached by her employer who demanded she pay back money for visa costs. Overall, he demanded she pay back $12,000. If she failed to pay-back this money the sponsor threatened to cancel her visa and not sponsor her for permanent residence. Sasha was very concerned as her new life in Australia was in jeopardy. | કામગીરીના ત્રણ મહિના પછી તેણીના રોજગારદાતા તેનો સંપર્ક કરે છે અને વિઝા ખર્ચ પરત આપવાની માગણી કરે છે. એકંદરે, તેઓ એવી માગણી કરે છે કે તેણી $12,000 પરત ચૂકવી આપે. જો તેણી આ પૈસા ચુકવવામાં નિષ્ફળ જશે તો પ્રાયોજક તેણીના વિઝા રદ કરવાની ધમકી આપે છે અને જણાવે છે કે તેણીને કાયમી વિઝા માટે પ્રાયોજિત નહીં કરે. સાશા ખૂબ ચિંતામાં મૂકાઈ જાય છે કેમ કે ઑસ્ટ્રેલિયામાં તેણીનું નવું જીવન હવે અવઢવમાં આવી પડે છે. |
| Over the next few weeks, with Sasha's reluctant agreement, her employer withheld $150 from her pay every week to pay back the visa costs. The sponsor also started demanding that she work longer hours and to work on her days off. Sasha was exhausted and struggling to pay rent and bills due to the deductions to her pay. Sasha did not know what to do. She thought that if she stopped paying the sponsor and working the longer hours her visa would be cancelled. | આગામી કેટલાંક અઠવડિયાઓમાં, સાશાની નામરજી ધરાવતાં કરાર સાથે, તેણીના રોજગારદાતા વિઝાના ખર્ચની પરત ચુકવણી પેટે દર અઠવાડિયે $150 કાપી લેવાં માંડ્યો. રોજગારદાતા એવી માંગણી કરવાની પણ શરૂ કરી કે તેણી વધુ કલાકો માટે કામ કરે અને તેણીના રજાના દિવસોમાં પણ કામ પર આવે. સાશા કંટાળી ગઈ અને તેણીના વેતનમાં કાપના લીધે તેણીનું ભાડું અને બાકી બીલો ચુકવવા માટે સંઘર્ષ કરવા લાગી. સાશાને એ નહોતું સમજાતું કે શું કરવું જોઇએ. તેણી વિચારે છે કે જો તે પ્રાયોજકને ચુકવણી કરવાનું બંધ કરી દે અને વધુ કલાકો કામ કરશે તો તેનાં વિઝા રદ થઈ શકે છે. |
| Sasha spoke to her co-workers and discovered that they too were paying back large sums of money to the employer and working longer hours. It appeared to her that she was not the only employee being exploited. | સાશા તેણીના સહકર્મીઓ સાથે વાત કરે છે અને તેણીને જાણવા મળે છે કે તેઓ પણ રોજગારદાતાને મોટી રકમની પરત ચુકવણી કરતાં હતાં અને વધુ કલાકો કામ કરતા હતાં. તેણીએ જાણ્યું કે તે એકલી નથી જેનું રોજગારદાતા શોષણ કરે છે. |
| Sasha's friend noticed that she was worried about work and stressed about her visa. She told Sasha that she could report her employer to the Department of Immigration and Border Protection. Her friend told her that her employer did not have the power to cancel her visa – as only the department could do that. Her friend also informed her that she could look for another job and seek sponsorship with another company. | સાશાની મિત્ર નોંધ લે છે કે તેણી કામને લઈને ચિંતાગ્રસ્ત અને તેણીના વિઝા વિશે તણાવમાં છે. તેણી સાશાને જણાવે છે કે તે પોતાના રોજગારદાતા વિશે ઈમિગ્રેશન અને બૉર્ડર પ્રૉટેક્શન વિભાગને ફરિયાદ આપી શકે છે.. તેણીની મિત્ર તેણીને જણાવે છે કે તેનાં રોજગારદાતા એવી કોઇ સત્તા ધરાવતાં નથી કે તેણીના વિઝા રદ કરાવી શકે – કેમ કે માત્ર વિભાગ જ તેમ કરી શકે છે. તેણીની મિત્ર તેને જણાવે છે કે તે અન્ય જોબ માટે પ્રયત્ન કરી શકે છે અને અન્ય કંપની પાસેથી સ્પોન્સરશીપ માંગી શકે છે. |
| Sasha took her friends advice and anonymously reported her sponsor to the Department of Immigration and Border | સાશા તેણીની મિત્રની સલાહને માને છે અને બેનામીપણે તેનાં રોજગારદાતા વિશે ઈમીગ્રેશન અને બૉર્ડર પ્રૉટેક્શન વિભાગને |

| | |
|---|---|
| Protection through the dob-in line on the website. | વેબસાઇટ પરની ડૉબ-ઇન લાઇન દ્વારા ફરિયાદ નોંધાવે છે. |
| Departmental officers visited Sasha's workplace and discovered that employees were paying visa costs back to the sponsor. The sponsor was barred from further sponsorships and referred to the Fair Work Ombudsman for investigation because of the excessive hours Sasha and her colleagues were being forced to work. Meanwhile, Sasha was able to find a new sponsor who met their obligations and was eventually sponsored for permanent residence. | વિભાગીય અધિકારીઓ સાશાના કાર્યસ્થળની મુલાકાત લે છે અને કર્મચારીઓ પ્રાયોજકને વિઝા ખર્ચની પરત ચૂકવણી કરતાં હોવાનું શોધી કાઢે છે. પ્રાયોજકને વધુ સ્પોન્સરશીપમાંથી બાકાત કરવામાં આવે છે અને તેને ન્યાયિક કાર્ય લોકપાલમાં વધુ તપાસ માટે સંદર્ભિત કરવામાં આવે છે કારણ કે વધુ પડતાં કામના કલાકોના લીધે સાશા અને તેણીના સહકર્મીઓને કામ કરવા માટે દબાણ કરવામાં આવતું હતું. દરમિયાનમાં, સાશા એક નવાં પ્રાયોજકને શોધી કાઢે છે જે પોતાની જવાબદારી નિભાવે અને છેવટે કાયમી નિવાસ માટે પ્રાયોજિત કરે છે. |
| **<u>Scenario 4 – Are you working at your nominated place of employment?</u>** | **<u>દૃશ્ય 4 – શું તમે રોજગારની નામાંકિત થયેલી જગ્યા પર કામ કરી રહ્યાં છો?</u>** |
| Abdul wanted to come and live in Australia. He dreamt of becoming a permanent resident and eventually an Australian citizen. Abdul believed his best option to become an Australian would be to enter through the skilled migration pathway. The problem was that Abdul could not find a sponsor willing to sponsor him. | અબ્દુલ ઑસ્ટ્રેલિયા આવવા અને રહેવા માંગે છે. તેણે કાયમી નિવાસી બનવાનું અને છેવટે ઑસ્ટ્રેલિયાઈ નાગરિક બનવાનું સપનું સેવ્યું હતું. અબ્દુલનું માનવું છે કે ઑસ્ટ્રેલિયન બનવા માટે તેની પાસે શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે તે સ્કિલ્ડ માઇગ્રેશન પાથવે દ્વારા પ્રવેશ કરે. મુશ્કેલી એ છે કે અબ્દુલને એવો કોઈ પ્રાયોજક નથી મળી રહ્યો જે તેને પ્રાયોજિત કરવાની ઇચ્છા દર્શાવતો હોય. |
| Abdul sought the advice of a family member who informed him that he knew a man called Wasim who would be willing to sponsor him. Wasim operated a large import-export company. | અબ્દુલ પરિવારના સભ્યની સલાહ લે છે જે તેને એમ જણાવે છે કે તે વાસિમ નામના એક માણસને ઓળખે છે જે તેને પ્રાયોજિત કરવા તૈયાર થશે. વાસિમ એક ખૂબ જ મોટી આયાત-નિકાસ કંપની ચલાવે છે. |
| Abdul contacted Wasim and asked him if he could sponsor him. Wasim informed Abdul that he did not have any jobs available in his company and could not afford to pay his wage to employ him. However, Wasim told Abdul that he would sponsor him for $20,000 upfront. Abdul would also need to pay money to Wasim each month. This would then be paid back to Abdul to make it appear that the import-export company was paying Abdul a salary. Abdul wanted to live in Australia, so he agreed to this. | અબ્દુલ વાસિમનો સંપર્ક કરે છે અને તેને પૂછે છે કે શું એ તેને પ્રાયોજિત કરશે. વાસિમ અબ્દુલને જણાવે છે કે તેની કંપનીમાં કોઈ જોબ ઉપલબ્ધ નથી અને તેને નોકરી પર રાખીને પગાર આપવાનું પોષાય તેમ નથી, જો કે, વાસિમ અબ્દુલને જણાવે છે કે તે $20,000 પહેલાં ચૂકવે તો એ તેને પ્રાયોજિત કરશે. અબ્દુલે દર મહિને પણ વાસિમને પૈસા ચુકવવાના રહેશે. આ પૈસા ત્યારબાદ અબ્દુલને પાછાં ચુકવી દેવામાં આવશે જેથી એવું દર્શાવી શકાય કે આયાત-નિકાસ કંપની અબ્દુલને પગાર ચુકવી રહી છે. અબ્દુલ ઑસ્ટ્રેલિયામાં રહેવા માંગતો હતો, એટલે તે આના માટે સંમત થઈ ગયો. |
| Abdul paid the upfront money to Wasim who then sponsored him to work in Australia with his import-export company. Abdul was excited when he received a visa to live and work in Australia. As Wasim had no job for Abdul, Abdul did not work at Wasim's | અબ્દુલ વાસિમને આગોતરી ચુકવણી કરી આપે છે જે પછીથી તેને ઑસ્ટ્રેલિયામાં તેની આયાત-નિકાસ કંપનીમાં કામ કરવા માટે પ્રાયોજિત કરે છે. અબ્દુલને જ્યારે વિઝા પ્રાપ્ત થાય છે ત્યારે તે ઑસ્ટ્રેલિયામાં રહેવા અને કામ કરવા માટે ખૂબ રોમાંચિત થઈ ઉઠે |

| | |
|---|---|
| company. Instead he found work as a taxi driver. | છે. કેમ કે વાસિમ પાસે અબ્દુલ માટે કોઇ જૉબ નહોતી, અબ્દુલ વાસિમની કંપનીમાં કામ કરતો નથી. તેની બદલે તે ટેક્ષી ડ્રાઇવર તરીકેનું કામ શોધી લે છે. |
| This arrangement continued for a number of months until the Department of Immigration and Border Protection performed a routine monitoring check on Wasim's company. They asked to talk to Abdul, who was not at the business. Departmental officials questioned other employees and discovered that Abdul had never worked at the company, but rather had an arrangement with Wasim. | આ વ્યવસ્થા ઘણાં બધા મહિનાઓ સુધી ચાલતી રહે છે જ્યાં સુધી ઇમિગ્રેશન અને બૉર્ડર પ્રોટેક્શન વિભાગ વાસિમની કંપનીમાં તેમની રોજિંદી દેખરેખ તપાસ હાથ ધરે છે. તેઓ અબ્દુલ સાથે વાત કરાવવાનું કહે છે, જે કારોબારમાં હોતો નથી. વિભાગીય અધિકારીઓ અન્ય કર્મચારીઓને પ્રશ્નો પૂછે છે અને જાણી લે છે કે અબ્દુલ ક્યારેય આ કંપની ખાતે કાર્ય કરતો જ નહોતો, પરંતુ તેનાં બદલે વાસિમ સાથે એક વ્યવસ્થા કરી હતી. |
| Several days later the department contacted Abdul about these allegations. Abdul claimed that the reason that he was not at work on the day of the department's visit was due to illness. He denied that he was working as a taxi driver. The investigators further questioned Abdul about his role in the business and his co-workers. Because Abdul had never worked with the import-export company he was unable to answer these questions. Abdul and Wasim were found to have provided false and misleading information to the department. | થોડાં દિવસો પછી વિભાગ આ આરોપો વિશે અબ્દુલનો સંપર્ક કરે છે. અબ્દુલ દાવો કરે છે કે વિભાગની મુલાકાતના દિવસે કામ પર નહીં હોવાનું કારણ તેની માંદગી હતી. તે ટેક્ષી ડ્રાઇવર તરીકે કામ કરવાની વાતને નકારી કાઢે છે. તપાસકર્તાઓ અબ્દુલને કારોબારમાં તેની ભૂમિકા અને સહકર્મીઓ વિશેના વધુ સવાલો કરે છે. કારણ કે અબ્દુલે આયાત-નિકાસ કંપનીમાં ક્યારેય કામ કર્યું નહોતું માટે તે આ સવાલોના જવાબો આપી શકતો નથી. અબ્દુલ અને વાસિમ બન્ને વિભાગને ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપી હોવાનું જાણવા મળે છે. |
| Abdul's visa was cancelled and he may not be able to return to Australia for at least three years. In addition he was unable to recover his $20,000. Wasim received a substantial fine and was prevented from sponsoring any new employees. | અબ્દુલના વિઝા રદ કરવામાં આવે છે અને તે કદાચ ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી ઑસ્ટ્રેલિયા પરત નહીં આવી શકે. વધુમાં તે પોતાના $20,000 પરત મેળવવામાં અસમર્થ બનશે. વાસિમને નોંધપાત્ર દંડ કરવામાં આવે છે અને કોઈપણ નવા કર્મચારીને પ્રાયોજિત કરવાથી રોકવામાં આવે છે. |
| **<u>Scenario 5 - Are you going to be employed in your nominated position?</u>** | **<u>દૃશ્ય 5 – શું તમે તમારી નામાંકિત જગ્યા પર રોજગાર કરવા જઈ રહ્યાં છો?</u>** |
| Lee is an IT Network Analyst. For several months, he had been trying to find a 457 sponsor so he could live and work in Australia, but with no success. Lee's aunt Jin ran a small IT company in Melbourne. Although she had no need for an IT Network Analyst, due to the size and the nature of the business, she wished to help her nephew Lee. Therefore, Jin decided to apply to become a 457 sponsor with the intention of sponsoring Lee, despite not having a position available. | લી એક આઇટી નેટવર્ક એનાલિસ્ટ છે. થોડા મહિનાઓ માટે, તે એક 457 પ્રાયોજક શોધવાનો પ્રયત્ન કરે છે જેથી તે ઑસ્ટ્રેલિયામાં રહી અને કામ કરી શકે, પરંતુ તેને સફળતા મળતી નથી. લીના કાકી જિન મેલબૉર્નમાં એક નાની આઇટી કંપની ચલાવે છે. જો કે તેણીને, કારોબારના કદ અને પ્રકારના કારણે, એક આઇટી નેટવર્ક એનાલિસ્ટની કોઈ જરૂર નહોતી, તેમ છતાં તેણી પોતાના ભત્રીજા લીની મદદ કરવા ઇચ્છે છે. તેથી, જિન પદ ઉપલબ્ધ નહીં હોવા છતાં, લીને પ્રાયોજિત કરવાના આશયથી 457 પ્રાયોજક બનવા અરજી કરવાનું નક્કી કરે છે. |
| Jin told Lee that she was unable to afford the costs involved in becoming a 457 sponsor. As Lee was desperate to live and work in Australia, he told his aunt that he would pay | જિન લીને જણાવે છે કે તેણી 457 પ્રાયોજક બનવા માટે સામેલ ખર્ચનું વહન કરી શકવા અસમર્થ છે. કેમકે લી ઑસ્ટ્રેલિયામાં રહેવા અને કામ |

| | |
|---|---|
| for his own visa costs, and the costs for Jin's company to become a 457 sponsor and to nominate him. Lee was aware that when he arrived in Australia, his aunt would be unable to employ him as an IT Network Analyst, but for visa purposes he would be an employee of the company. | કરવા અધીરો બન્યો હતો, તે પોતાની કાકીને કહે છે કે તે પોતાના વિઝાનો ખર્ચ સ્વયં ઉપાડશે, અને જિનની કંપનીનો 457 પ્રાયોજક બનવાનો અને તેને નામાંકિત કરવા માટેનો ખર્ચ પણ તે કરશે. લીને જાણ હતી કે જ્યારે તે ઑસ્ટ્રેલિયા પહોંચશે, ત્યારે તેના કાકી તેને આઇટી નેટવર્ક એનાલિસ્ટ તરીકે રોજગાર નહીં આપી શકે, પરંતુ વિઝાના હેતુઓથી તે કંપનીનો કર્મચારી બની જશે. |
| Lee paid all the necessary fees and submitted all the required applications to the department to seek approval of Jin's company as a 457 sponsor and nominate the position of IT network analyst. He planned to apply for his visa when the sponsorship and nomination were approved. | લી તમામ જરૂરી ફી ચૂકવે છે અને જિનની કંપનીને 457 પ્રાયોજક તરીકે મંજૂરી મળી શકે તે માટેની અને આઇટી નેટવર્ક એનાલિસ્ટના પદને નામાંકિત કરવા માટે તમામ જરૂરી અરજીઓ વિભાગને સુપરદ કરે છે. જ્યારે સ્પોન્સરશીપ અને નામાંકનની મંજૂરી મળી જાય ત્યારે તે પોતાના વિઝા માટે અરજી કરવાનું આયોજન કરે છે. |
| While waiting for the sponsorship and the nomination to be approved, Jin received an unannounced visit from departmental officers.. The officers stated that they were conducting a site visit on the request of the processing officer to see if Jin's business met the requirements to be a 457 visa sponsor, and if the company required an IT Network Analyst as she had stated in her nomination application. | સ્પોન્સરશીપ અને નામાંકનની મંજૂરીની રાહ જોતી વખતે, જિનની વિભાગીય અધિકારીઓ દ્વારા એક આકસ્મિક મુલાકાત લેવામાં આવે છે. અધિકારીઓ એમ જણાવે છે કે તેઓ પ્રોસેસિંગ અધિકારીની વિનંતી પર એ જોવા માટે કે જિનનો કારોબાર 457 વિઝા પ્રાયોજક તરીકેની જરૂરિયાત પૂરી પાડે છે કે કેમ તે જોવા માટે, અને તેણીએ તેણીની નામાંકન અરજીમાં જણાવ્યાં પ્રમાણે તેણીની કંપનીને એક આઇટી નેટવર્ક એનાલિસ્ટની જરૂર છે કે નહીં તે જોવા માટે એક સ્થળ મુલાકાત યોજી રહ્યાં છે |
| The officers questioned Jin about the nature of the work conducted by the business and the role of the proposed IT Network Analyst. As Jin did not need an IT Network Analyst, she struggled to answer the questions being asked of her. As a result, the officers informed the processing area that the business did not need an IT Network Analyst and that they had concerns about the genuineness of the sponsorship application. The processing officer refused the company's sponsorship application and Lee was unable to apply for a visa through Jin's company. All the fees Lee paid for the sponsorship and nomination application were non-refundable. | અધિકારીઓ જિનને કારોબાર દ્વારા હાથ ધરવામાં આવતાં કારોબારના પ્રકાર વિશે અને પ્રસ્તાવિત આઇટી નેટવર્ક એનાલિસ્ટની ભૂમિકા વિશે સવાલ કરે છે. કેમ કે જિનને આઇટી નેટવર્ક એનાલિસ્ટની જરૂર નહોતી, તેણી પૂછવામાં આવેલાં પ્રશ્નોના જવાબ આપવામાં સંઘર્ષ કરતી જણાઈ. પરિણામસ્વરૂપ, અધિકારીઓ પ્રોસેસિંગ વિસ્તારને જણાવે છે કે કારોબારને આઇટી નેટવર્ક એનાલિસ્ટની જરૂર નથી અને તેમને સ્પોન્સરશીપની અરજીની યથાર્થતા વિશે શંકા છે. પ્રોસેસિંગ અધિકારી કંપનીની સ્પૉસ્પોન્સરશીપ માટેની અરજીને નકારે છે અને લી જિનની કંપની મારફત વિઝાની અરજી કરવામાં અસમર્થ રહે છે. સ્પોન્સરશીપ અને નામાંકન અરજી માટે લીએ ચૂકવેલ બધી જ ફી બિન-પરત મળવાપાત્ર હતી. |
| **<u>What can you do to help us stop work visa scams?</u>** | **<u>વર્ક વિઝા કૌભાંડોને રોકવામાં મદદ કરવા માટે તમે શું કરી શકો?</u>** |
| If you know of someone who is involved in migration fraud, is operating illegally as an unregistered migration agent, or if you are the victim of migration fraud, report it to us through our <u>Immigration dob-in service.</u> | જો તમે માઇગ્રેશન છેતરપિંડીમાં કોઈની સંડોવણી વિશે જાણતા હો, કે તે ગેરકાયદેસર રીતે એક બિનનોંધણીકૃત માઇગ્રેશન એજન્ટ તરીકે સંચાલન કરી રહ્યો છે, અથવા જો તમે માઇગ્રેશન છેતરપિંડીના શિકાર હો તો, અમને તેના વિશે <u>માઇગ્રેશન ડૉબ-ઇન</u> |

| | |
|---|---|
| | સેવા મારફત અહેવાલ આપશો. |
| Suspected scams can also be reported to SCAMwatch. It is an independent website run by the Australian Competition and Consumer Commission (ACCC). | શંકાસ્પદ કૌભાંડોને પણ SCAMwatchને અહેવાલિત કરી શકાય છે. આ ઑસ્ટ્રેલિયન કમ્પીટિશન એન્ડ કંઝ્યુમર કમિશન(ACCC) દ્વારા ચલાવવામાં આવતી એક સ્વતંત્ર વેબસાઇટ છે. |
| If you have been scammed by an individual or group that is not in Australia, you might also want to consider reporting the issue to local police or consumer protection authorities in the country where you reside. | જો તમે કોઇ વ્યક્તિગત અથવા જૂથ કે જે ઑસ્ટેલિયામાં ન હોય તેનાં દ્વારા કૌભાંડગ્રસ્ત થયા હો તો, તમારે આ બાબતની જાણતમે જે દેશમાં રહેતાં હો ત્યાંના સ્થાનિક પોલિસ અથવા ગ્રાહક સુરક્ષા સત્તામંડળના ધ્યાન પર લાવવા માંગી શકો છો. |